# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

વંચાણે લીધો : ગુજરાત સરકારના ગૃહ વિભાગ,સચિવાલય, ગાંધીનગર ના તા. ૦૬/૦૪/૨૦૨૧ના તથા તા.૧૨/૦૪/૨૦૨૧ના સરખા હુકમ ક્રમાંક વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨

## પરિપત્ર

હાલમાં દેશ તથા રાજ્યમાં નોવેલ કોરોના વાયરસનું સંક્રમણ દિન પ્રતિદિન વધતું જાય છે. તે અનુસંધાને સાવચેતીના પગલાંરૂપે સરકારશ્રીના ગૃહ વિભાગ તરફથી ઉકત બંન્ને હુકમોથી જરૂરી સૂચનાઓ જારી કરેલ છે. જેનો અમલ આણંદ કૃષિ યુનિવર્સિટીમાં અમલ કરવાનો રહે છે. જેની વિગતો નીચે મુજબ છે.

૧. તા. ૦૬/૦૪/૨૦૨૧ના હુકમમાં જણાવ્યા અનુસાર તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી તમામ સરકારી કચેરીઓ તમામ શનિવાર તથા રવિવાર બંધ રહેશે. સરકારી કચેરીઓમાં ખૂબજ અગત્યની કામગીરી હોય તો જ મુલાકાતીઓને પ્રવેશ આપવાનો રહેશે.

૨. તા.૧૨/૦૪/૨૦૨૧ના હુકમમાં જણાવ્યા અનુસાર સરકારી/અર્ધસરકારી/બોર્ડ કોર્પોરેશન તથા તમામ પ્રકારની ખાનગી ઓફિસોમાં કર્મચારીની હાજરીની સંખ્યા ૫૦ % સુધી રાખવાની રહેશે અથવા અલ્ટરનેટ ડેએ કર્મચારીઓ ફરજ પર આવે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે. આવશ્યક સેવાઓને આ લાગુ પડશે નહીં.

આણંદ કૃષિ યુનિવર્સિટીના તાબા હેઠળની તમામ કચેરીઓ/ વિભાગોમાં કર્મચારીઓની હાજરીની સંખ્યા ૫૦% સુધી રાખવા અથવા અલ્ટરનેટ ડે મુજબ કર્મચારીઓ તેઓની ફરજો બજાવે તે યુનિટ/ સબ યુનિટ લેવલે યુનિટ તથા સબ યુનિટ અધિકારીશ્રીએ સંશોધન, વિસ્તરણ અને શિક્ષણની કામગીરી ધ્યાને લઇ યોગ્ય વ્યવસ્થા કરવાની રહે છે તથા તે અંગેના રેકર્ડની અલગથી નિભાવણી કરવાની રહેશે. ગૃહ વિભાગના તા.૦૬/૦૪/૨૦૨૧ના હુકમથી આપવામાં આવેલ અન્ય સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

ઉકત વિગતો ધ્યાને લઇ સરકારશ્રી તરફથી કોરોના વાયરસ અંતર્ગત સમયાંતરે જે સૂચનાઓ તથા માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજૂરી મેળવી જારી કરવામાં આવે છે.જેનો તાત્કાલીક અસરથી ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

જા.નં.આકૃયુ/રજી/સંકલન/ ૧૮૫૪ /૨૦૨૧
તા.૧૭/૦૪/૨૦૨૧

કુલસચિવ

નકલ સવિનય રવાના:

(૧) માન. કુલપતિના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(૨) તમામ યુનિટ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ અમલવારી સારૂ.
(૩) નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, આ.કૃ.યુ., આણંદ તરફ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂં.
(૪) કુલસચિવશ્રીના અંગત મદદનીશ,આ.કૃ.યુ. આણંદ
(૫) આ કચેરીની તમામ શાખાઓ તરફ.
(૬) સામાન્ય/હુકમ ફાઇલ

E:\A.2.1\પરિપત્ર.doc